# સુરત મહાનગરપાલિકા

પ્રેસનોટ (COVID-19)

તા.૦૩/૦૪/૨૦૨૧

સુરત શહેરમાં હાલમાં કોરોના વાયરસના સંક્રમણનું પ્રમાણ તેજ ગતિએ વધી રહ્યું હોય જેને વહેલામાં વહેલી તકે નિયંત્રિત કરવા માટે માન.મ્યુ. કમિશનર શ્રી બંછાનિધિ પાની,IAS ખૂબ જ જહેમત ઉઠાવી રહ્યા છે અને શહેરમાં કોવિડ–૧૯ ની તમામ પ્રકારની કામગીરી ઝડપી થાય તે માટે કરવામાં આવતી કામગીરીનું પ્રતિદિન વિવિધ સંક્રમિત વિસ્તારોની પ્રત્યક્ષ મુલાકાત લઈ શહેરમાં વધતાં કોરોના વાયરસના અટકાયતી પગલાઓ લઈ રહ્યા છે.

કોરોના વાયરસના વધુ પડતા સંક્રમણની પરિસ્થિતિને ધ્યાને લઈ આજરોજ સવારે માન. વાઈસ ચેરમેન અને મેનેજીંગ ડાયરેકટર જી.આઈ.ડી.સી, ગુજરાત રાજય શ્રી એમ થેન્નારસન,IAS અને માન.મ્યુ. કમિશનર શ્રી બંછાનિધિ પાની,IAS એ ઉધના ઝોન વિસ્તારમાં ઉધના ત્રણ રસ્તા પાસે, કુંભારીયા ફળિયા ખાતે, પ્રેમનગર અને લક્ષ્મી કુંજ એપાર્ટમેન્ટ ખાતે રૂબરૂ સ્થળ મુલાકાત લઈ કલ્સ્ટરની કામગીરીનું નિરીક્ષણ કરેલ. પાંડેસરા કાશીનગર સોસાયટી ખાતે તેમજ વરાછા ઝોન–એમાં આવેલ મીની હીરા બજાર ખાતે ટેસ્ટીંગ/ વેકસીનની કામગીરીનું નિરીક્ષણ કરેલ હતુ અને ત્યારબાદ વેસ્ટ ઝોનના વિવિધ વિસ્તારની મુલાકાત લીધેલ અને અધિકારીશ્રીઓને ધન્વંતરી રથની આનુષાંગિક કામગીરી બાબતે તેમજ અન્ય જરૂરી સૂચનો કર્યા હતા.

જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર,

સમાચાર યાદી નં.૩૦, તા.૦૩/૦૪/૨૦૨૧